# 2.0 જાતિ સંવેદનશીલતા

ડૉ.જગદીશભાઈ આર મહિડા

---

- ⇨ સ્ત્રીઓ પ્રત્યેનો ભેદભાવ માનવ ગૌરવ, કુટુંબ તથા સમાજના કલ્યાણથી પ્રતિકૂળ છે.
- ⇨ આ પ્રકારનો ભેદભાવ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનમાં સ્ત્રીઓના સહભાગીપણાને અટકાવે છે.
- ⇨ અને સ્ત્રીઓએ મોટા ભાગે સહન કરવાનું આવે છે.
- ⇨ આ માટે કેટલાંક જાતિભેદ માટે પરિબળો અસર કરતા હોય છે તેને જાણવા જરૂરી છે. અને આ પરિબળોની સામાજિક વિકાસ પર શી અસર થાય છે તે વિશે ચિંતન જરૂરી છે.
- ⇨ સ્ત્રીઓ પર થતા અત્યારોથી તેની સંવેદનાઓ છિન્ન ભિન્ન કરી નાંખે છે.
- ⇨ સ્રીઓ હર સ્થળે સુરક્ષા અને સલામતીનો અનુભવ કરી શકે. સ્ત્રી તરીકે પોતાના અસ્તિત્વ બદલ પસ્તાવો ન કરે , પોતાની જાત પ્રત્યે ગૌરવ કેળવે,
- ⇨ આ માટે કુટુંબ અને સમાજે આ દિશામાં ચોક્કસ પગલાં ભરવાં જરૂરી છે અને સમાજ સ્વયં એક પ્રત્યેક વ્યક્તિને વિકસવાની સમાન તક પૂરી પાડશે.
- ⇨ સમાજ તરફથી સ્ત્રીઓની સંવેદનશીલતાને ઓળખવી અને તેના તરફ હકારાત્મક વલણ કેળવવું જરૂરી છે.
- ⇨ જાતિ સંવેદનશીલતા જાતિ સમાનતા અને જાતિ સભાનતાને ઉત્તેજિત કરવા માટેની વર્તન સુધારણા
- ⇨ જાતિ સંવેદનશીલતા એ આપણી પોતાની જાત પ્રત્યે અને બીજી જાતિના લોકો તરફના આપણા વિચારોમાં સમજનું પ્રત્યારોપણ કરવા તેમજ વર્તન બદલવા સાથે સબંબધિત છે.
- ⇨ ઈ.સ. ૧૯૯૫ માં બેઈજીંગમાં મળેલ વીશ્વ પરિષદમાં વૈશ્વિક રીતે સ્વીકારવામં આવ્યું કે જ્યાં સુધી સંત્રી અને પુરુષના જીવન જીવવાના ધ્યેયોને એક સમાન દરજ્જો આપવામાં નહીં આવે ત્યાં સુધી કોઈ પણ દેશ સમૃદ્ધ નહીં થાય.
- ⇨ જાતિ સભાનતા માટે માત્ર બૌદ્ધિક પ્રયાસો જ નહીં પરંતુ સંવેદના અને ખુલ્લા માનસને કેળવવાની જરૂર છે.
- ⇨ આ માટે જાતિ સંવેદનશીલતા જાગૃતિ કાર્યક્રમો, તાલીમી કેન્દ્રો, કાર્યશાળાઓ અને કાર્યક્રમો યોજીને સિદ્ધ કરી શકાય.
- ⇨ સમયના બદલાવ સાથે આજે સ્ત્રી પુરુષ સમાનતા માટે સાનુકૂળ વાતાવરણ સર્જાયું પરિણામે સ્ત્રી પુરુષ સમાનતાની શરૂઆત થવા લાગી.
- ⇨ પરિણામે સ્ત્રીઓ પ્રત્યેના વલણોમાં પરિવર્તનો આવતાં તેના કૌટુંબિક, શૈક્ષણિક, આર્થિક, સામાજિક,વ્યાવસાયિક અને રાજકીય દરજ્જામાં પરિવર્તન આવ્યું.

- ⇨ સ્ત્રીઓ પણ પુરુષો જેટલા જ હક્કો અને સ્વતંત્રતા પ્રપ્ત કરતાં તેના વિકાસના ક્ષેત્રો વધ્યાં
- ⇨ જેવાં કે,
- ⇨ ચાર દિવાલોમાંથી મુક્તિઃ સ્ત્રી ચાર દિવાલથી મુક્ત બનતાં જાહેર જીવનનો હક મળ્યો. શિક્ષણ અને વ્યવસાય તરફ પ્રગતિ
- ⇨ પુરુષોના વ્યવસાયોમાં પણ ગતિ અને પ્રગતિ કરતી જોવા મળે છે.દા.ત. યાંત્રિક, અવકાશ અને સંરક્ષણ
- ⇨ સ્વસંકલ્પનામાં નવી દ્દષ્ટિઃ પોતાની જાતને અબળા નહીં પરંતુ સબળા તરીકે જોવા લાગી
- ⇨ જુદા જુદા ક્ષેત્રોમાં પુરુષ સમાન કાર્ય કરવા લાગી,તેના આત્મવિશ્વાસમાં વધારો. લોકો દ્વારા પણ તેનો સ્વીકાર થયો.
- ⇨ નેતૃત્વ શક્તિનો વિકાસઃરાષ્ટ્રી સ્તરે તેમજ નારીવાદી સંગઠનોના કારણે તેમને નેતૃત્વ કરવાની તક મળી.
- ⇨ અધિકારો પ્રત્યેની સભાનતાઃ સ્ત્રીઓમાં સમાનતા અને સ્વાતંત્ર્યના વિચારો પ્રબળ બનતાં લગ્ન, મીલકત, શિક્ષણ, કાનૂન, કૌટુંબિક અને સામાજિક અધિ(ારો પ્રત્યે સભાન બની.
- ⇨ સ્ત્રી શિક્ષણ અને વ્યવસાયમાં પોતાનું પ્રતિનિત્વ કરતી થઈ. આ ઉપરાંત પુત્ર -- પુત્રી વચ્ચેના ભેદભાવોનું અંતર ઘટવા લાગ્યું.